# સુનિતા વિલિયમ્સ, યુવાનો અને ભગવદ્ગીતા

ગત રવિવારે ૧૫મી જુલાઇના રોજ હાલમાં અમેરિકન પણ ભારતીય મૂળ ધરાવતા સુનિતા વિલિયમ્સ બીજીવાર અવકાશની સફરે ગયા છે. તેઓ કલ્પના ચાવલા પછી અવકાશ સફરે જનાર ભારતીયમૂળના બીજા મહિલા છે. તેઓ માટે આપણે ગૌરવ લેવા જેવી વાત એ છે કે, તેમનું મૂળ વતન મહેસાણા જિલ્લાનું ઝુલાસણ ગામ છે. તેમનો જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ થયેલ. તેમના પિતાનું નામ દિપક પંડયા અને માતાનું નામ બોની પંડયા છે. પતિનું નામ માઇકલ જે વિલિયમ્સ છે.અગત્યની વાત એ છે કે, અવકાશમાં જતાં તેઓ પોતાની સાથે ગણેશજીની મૂર્તિ અને ભગવદ્ગીતા પોતાની સાથે લઇને ગયા છે. આ બનાવને ઘ્યાનમાં રાખીને ગુજરાતની એક ટી.વી. ચેનલ દ્વારા ગુજરાતના યુવાનો, ખાસ કરીને વિદ્યાર્થીઓની મુલાકાત લઇને તેમને પૂછવામાં આવેલ કે, આપ ભગવદ્ગીતા વિશે શું જાણો છો ? તેમાં મુખ્ય પાત્રો કયા છે ? તેની રચના કેવી રીતે થયેલ ? તેમાં કેટલા અધ્યાય/પ્રકરણો છે? વગેરે. આ લેખકે ટી.વી. પર આ મુલાકાત જોયેલ.કોલેજના લગભગ દસ-બાર વિદ્યાર્થીને આ પ્રશ્ન પૂછેલા. જેમાં મોટાભાગના વિદ્યાર્થી ભગવદ્ગીતા વિશે એકપણ વાક્ય કહી શક્યા ન હતા. માત્ર એક જ વિદ્યાર્થીએ કહેલું કે, અર્જુન અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ છે. એકપણ વિદ્યાર્થીએ ભગવદ્ગીતા વાંચેલ નથી. અડધાથી વધારે જોઇ પણ નથી. બીજા પ્રશ્નો હતા, તમે છેલ્લે કઇ ત્રણ ફિલ્મ જોઇ, તેના ગીતો કયા ? હિરો-હિરોઇન કોણ વગેરે. જેના જવાબ બધા જ વિદ્યાર્થીએ સાચા આપેલા. આ મુલાકાત જોયા પછી જ થયું કે, આજના યુવાનોએ વિચારવું જોઇએ કે, સુનિતાજી પોતાની સાથે ભગવદ્ગીતા કેમ લઇ ગયા હશે ? માટે જ મનમાં ઝબકારો થયો કે, યુવાનોને ભગવદ્ગીતાનો સામાન્ય પરિચય આપીએ, તેઓ થોડું જાણીને વધારે જાણવાનો પ્રયત્ન કરશે તે અપેક્ષા સાથે.

કૌરવો અને પાંડવો વચ્ચે હસ્તિનાપુરની ગાદી મેળવવા માટે કુરુક્ષેત્રના મેદાન ( હાલ હરિયાણા રાજ્ય)માં ............ સમયે યુદ્ધ થયેલું. કૌરવ પક્ષે ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી યુદ્ધના જીવંત દશ્યોનું વિવરણ સંજય તેમને કરે છે. પાંડવોના પક્ષે અર્જુનના સારથી તરીકે શ્રી કૃષ્ણ હતા. અર્જુને પોતાની સામેની સેનામાં પોતાના જ સગાંને જોયા, આથી તેને લાગ્યું કે મારે મારા સગાંનો જ સંહાર કરવાનો ? આમ વિચારીને તેણે હથિયાર નીચે મુક્યા. આ સમયે શ્રી કૃષ્ણ તેને યુદ્ધ કરવા અર્જનને પોતાની ફરજ બજાવવાની પ્રેરણા આપે છે. જેને અન્ય રીતે ઉપદેશ પણ કહી શકાય. આ રીતે જોતાં ગીતામાં કુલ ચાર પાત્રો આવે છે. આમ ગીતા એટલે શ્રી કૃષ્ણએ પોતાની વાણી દ્વારા અર્જનને આપેલ ઉપદેશ. આ ઉપદેશ મોટાભાગે પદ્ય સ્વરૂપનો જ હતો, જેને શ્રી વ્યાસમુનિએ શ્લોકબદ્ધ કરીને “મહાભારત”માં મૂકેલ છે. જેને અલગથી ઓળખવા માટે આપણે “ગીતા” કહીએ છીએ. ગીતામાં કુલ અઢાર પ્રકરણ છે, જેને અધ્યાય તરીકે ઓળખવામાં આવે છે. અન્ય રીતે કહીએ તો દરેક પ્રકરણ એ “યોગ” સૂચવે છે. જેથી દરેક પ્રકરણ/અધ્યાયના નામને અંતે યોગ શબ્દ આવે જ છે. તે જ રીતે ગીતામાં કુલ ૭૦૦ શ્લોકો છે. જે અનુષ્ટુપ છંદમાં છે. ગીતાની સંસ્કૃત ભાષા ખૂબ જ સરળ છે, જેથી સંસ્કૃતનો ઓછો અભ્યાસી પણ તે વાંચીને સમજી શકે છે. ભાષા સરળ છે, પણ તેનો અર્થ અને આશય ખૂબ જ ગંભીર છે. ભગવાનના ગુણ, પ્રભાવ વગેરેનું ખૂબ જ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. ગીતાનો અભ્યાસ કરવાનો હક તમામ મનુષ્યને આપેલો છે.

ગીતાના પ્રથમ અધ્યાયનું નામ છે – અર્જુનવિષાદયોગ, તો અઢારમા અને છેલ્લા અધ્યાયનું નામ છે – મોક્ષસંન્યાસયોગ. અંગ્રેજી ભાષાંતરમાં જુદા જુદા ચિંતકોએ અધ્યાયના નામ પોતાની રીતે આપવાનો પ્રયત્ન કરેલ છે. જેમકે, પ્રથમ અધ્યાય “અર્જુનવિષાદયોગ”ના અંગ્રેજી ભાષામાં શીર્શ્રક જોઈએ તો, **Yoga of Arjuna's Dejection , The Yoga of the Despondency of Arjuna , Arjuna's Spiritual Conversion Through Sorrow , The Hesitation and Despondency of Arjuna.** ગીતાના પ્રથમ શ્લોકનું ગુજરાતી અનુવાદ જોઈએ તો, ધૃતરાષ્ટ્ર બોલ્યા : હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા, યુદ્ધના ઉચ્છુક, મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું ? તો વળી ગીતાના છેલ્લા શ્લોકની વાત કરીએ તો, હે રાજન! પાંડવોના પક્ષમાં યોગેશ્વર શ્રી  કૃષ્ણ અને ગાંડિવધારી અર્જુન છે, ત્યાં જ રાજ્યલક્ષ્મી, વિજયલક્ષ્મી, વિભૂતિઓ ને નિશ્ચિત રૂપથી નીતિ છે, આ મારો મત છે. (આ વિધાન પણ સંજય ધૃતરાષ્ટ્રને છેલ્લે કહે છે)

શ્રી ગીતામાં ભગવાને પોતાને પ્રાપ્ત કરવા માટે મુખ્ય બે માર્ગ બતાવેલા છે, સાંખ્યયોગ અને કર્મયોગ. ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ધ્યાનયોગ  વગેરેમાંથી જે વ્યક્તિને જે યોગ્ય લાગે તેનું પાલન કરે તો તેનું કલ્યાણ થઈ જાય.ગીતા વિશે ગાંધીજીએ કહેલું કે, “મને તો કોઈ ધર્મસંકટ આવે, એટલે હું ગીતામાતાનું શરણ લઉં છું.” તો વળી મહાત્મા થોરો કહેતા કે, “ હું રોજ પ્રાત:કાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જળમાં સ્નાન કરાવું છું.”. મહાત્મા બંકીમબાબુ કહેતા કે, ગીતાને ધર્મનો સવોત્તમ ગ્રંથ માનવાનું કારણ એ છે કે તેમાં જ્ઞાન, ધર્મ અને ભક્તિ એ ત્રણેને યોગ્ય ન્યાય આપવામાં આવ્યો છે કે જેવું બીજા કોઈપણ ગ્રંથમાં સામંજસ્ય નથી. એમર્સન કહેતાકે, સમગ્ર વિશ્વ-સાહિત્યમાં ગીતાએ સર્વોત્તમ ગ્રંથ છે. તેમાં ચિંતનની સર્વશ્રેષ્ઠ સામગ્રી પીરસવામાં આવી છે અને માનવભક્તના અનુભવની સૌથી મહાન સંપત્તિ છે. આપણા શંકરાચાર્યે કહેલું કે, દુ:ખમાત્રની નિવૃત્તિ માટે અને પરમ સુખની પ્રાપ્તિ માટે ગાન તો ગીતાનું અને વિષ્ણુ સહસ્રનામનું ગાવા યોગ્ય છે.

આમ મહાભારત એ આપણો ધાર્મિક ગ્રંથ છે. ગીતા વ્યક્તિને જીવન જીવવાની અને મોક્ષ પ્રાપ્ત કરવાની દિશા આપે છે. અંતે એક પ્રશ્ન, મહાભારત અને ગીતાનું આટલુમ બધું મહત્ત્વ હોવા છતાં કેટલાના ઘરમાં મહાભારત કે ગીતા છે ? કેટલી શાળા-કોલેજોના પુસ્તકાલયમાં આ ગ્રંથો છે ? સામાન્ય સંતોષ લઈ શકાય એવી એક બાબત એ છે કે,કેટલીક સંસ્થાઓ ખૂબ જ નજીવી કિંમતે મફતના ભાવે આ ગ્રંથો લોકોને આપે છે. આપણે સૌ એવું ન કરી શકીએ કે. કોઈના જન્મદિવસે કે અન્ય પ્રસંગે આ પુસ્તકભેટમાં આપીએ.!